# ખાણીપીણીના વેપારીઓ, રિક્ષા ચાલકો માટે EDI ખાતે સેમિનાર

નવગુજરાત સમય > અમદાવાદ

પ્રવાસન ઉદ્યોગમાંથી સ્થાનિક લોકોને વધુમાં વધુ ફાયદો થાય તે હેતુથી ઈડીઆઈ ખાતે ખાણીપીણીના બિઝનેસ સાથે સંકળાયેલા 120 ઉદ્યોગસાહસિકો તથા પ્રવાસીઓને શહેરની સેર કરાવતા 120 ટેક્સી તથા રિક્ષાચાલકો માટે એક સેમિનારનું આયોજન થયુ હતું.

ઉદ્યોગ સાહસિકતાની તાલીમ માટેના આ કાર્યક્રમ અંતર્ગત આન્ત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (ઈડીઆઈ)તેમજ ગુજરાત સરકારના ટુરિઝમ વિભાગ દ્વારા હસ્તકળા અને ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય 59 કારીગરોને પણ બિઝનેસ ઊભો કરવા તથા વિકસાવવાની તાલીમ આપવામાં આવી હતી.

પ્રવાસીઓને રિક્ષા કે ટેક્સી ડ્રાઈવરના માઠા અનભુવ થાય તો તેઓ શહેર માટે નકારાત્મક છાપ લઈને પાછા ફરે છે. આથી પ્રવાસીઓ સાથે કેવા પ્રકારનું વર્તન કરવું, શહેરના આકર્ષણો અંગે કઇ રીતે માહિતી આપવી વગેરે સહિત અનેક મુદ્દાઓ પર રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરને તાલીમ અપાઈ હતી.

10 દિવસની તાલીમ પછી સર્ટિફિકેટ વિતરણ પ્રસંગે EDIના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યુ હતું કે, 'ત્રણ વર્ષમાં ગુજરાતના પ્રવાસનમાં પાંચ ગણો વધારો થયો છે ત્યારે ટુરિઝમ સાથે સંકળાયેલા લોકો ઉપર નૈતિકતાથી બિઝનેસ કરવાની જવાબદારી અનેક ગણી વધી જાય છે.'